# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

## એ-૩, જિલ્લા સેવાસદન-૨, અઠવાલાઈન્સ, સુરત

**Phone No: (0261) 2662903, Fax No: 2662902, Email:suratdeo@gmail.com**


જા.નં.મા-૨/તાલીમ/2025/1301 તા.05/02/2025

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ,
(સુરત શહેર)

વિષય:- કન્યાઓ માટે વિનામૂલ્યે સ્વ રક્ષણ તાલીમના વર્ગ બાબત..
સંદર્ભ :- મદદનીશ પોલીસ કમિશનરશ્રીની કચેરી,મહિલા સેલ,સુરત શહેરના પત્ર ક્રમાંક:૧૮૯/૨૦૨૫ તા.૦૫/૦૨/૨૦૨૫.

સવિનય જણાવવાનું કે સુરત શહેર પોલીસ કમિશ્નરશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી અને લીઓ ગ્રૂપ ઓફ એજ્યુકેશનલ ઇન્સ્ટીટ્યુટસના સંયુક્ત સહકારથી ધોરણ 5 થી 9ની કન્યાઓ અને તેમની માતા, ધોરણ 11ની કન્યાઓ તેમજ કોલેજમાં અભ્યાસ કરતી કન્યાઓ માટે વિશેષ આત્મરક્ષા કાર્યક્રમ આયોજન કરેલ છે. આજના સમયમાં કન્યાઓ માટે પોતાની સુરક્ષા અને સુરક્ષાના કૌશલ્ય હોય તે મહત્વનું છે. આ કાર્યક્રમ કન્યાઓને વ્યવહારુ આત્મરક્ષા કૌશલ્ય સાથે સશક્ત બનાવવા માટે બનાવવામાં આવ્યો છે. કન્યાઓ માટે સ્વ રક્ષણ તાલીમ વર્ગ જે 7 દિવસનો તાલીમી કાર્યક્રમ છે. 7 દિવસની તાલીમ પૂર્ણ કર્યેથી પ્રમાણપત્ર આપવામાં આવશે. આ તાલીમ કમિશનર ઓફ પોલીસની "સી-ટીમ" ની મહિલા અધિકારીશ્રીઓ તથા અન્ય તજજ્ઞો દ્વારા આપવામાં આવશે. કન્યાઓ માટે આ કાર્યક્રમમાં જોડાઈ સ્વ રક્ષણ સાથે વ્યવહારુ આત્મરક્ષા કૌશલ્યનો લાભ લેવા વિનંતી.

<u>કાર્યક્રમની વિગત:</u>

| | |
|---|---|
| સ્વ રક્ષણ તાલીમ વર્ગ : | -તારીખ 15 ફેબ્રુઆરી, 2025 થી 25 ફેબ્રુઆરી, 2025 સુધી,<br>સમય બેચ 1 – સાંજે 7 થી 8 અને બેચ 2 – રાત્રે 8:30 થી 9:30 |
| સ્થળ : | -લીઓ સ્કૂલ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ, પ્લોટ નંબર 1 થી 5, બી.આર.સી. ગેટની સામે, ઉધના, સુરત. |
| કાર્યક્રમની વિશેષતાઓ: | - શારીરિક ફિટનેસ પ્રવૃત્તિઓ: તમારી તાકાત અને ચપળતા સુધારો.<br>- રક્ષણ તકનીકો: પોતાને સુરક્ષિત રાખવા માટે અસરકારક વ્યૂહો શીખો.<br>- આપાતકાલીન પ્રતિભાવ તાલીમ: અણધારી પરિસ્થિતિઓને આત્મવિશ્વાસ સાથે હેન્ડલ કરો. |

**વિશેષ લક્ષણો:**

- આરોગ્ય અને સુરક્ષા ટીપ્સ: તમારા કલ્યાણ માટે માહિતી મેળવો.
- નિષ્ણાત પ્રશિક્ષકો ધ્વારા માર્ગદર્શન.
- તમામ ભાગ લેનારાઓ માટે મફત પ્રવેશ.

આ કાર્યક્રમ ધોરણ ૬ થી ૯ની કન્યાઓ અને તેમની માતા, ધોરણ ૧૧ની કન્યાઓ તેમજ કોલેજમાં અભ્યાસ કરતી કન્યાઓ માટે છે. અમે દરેકને આ તકનો લાભ લેવા અને કિંમતી કૌશલ્ય શીખવા માટે પ્રોત્સાહિત કરીએ છીએ. સ્વ રક્ષણ તાલીમ વર્ગ માટે વ્યવસ્થાના ભાગ રૂપે નોંધણી કરાવવી ફરજિયાત છે.

Registration QR code

She-Team Leader : Mini Joseph (ACP)
DEO Office Nodal : Dr. Sangita Mistry (EI)


વધુ માહિતી માટે અમારી સાથે સંપર્ક કરો:

શ્રી જયસુખભાઈ કથીરિયા,મો. 9925110009
શ્રી હિતેશભાઈ પટેલ, મો. 9898045955
લીઓ ગ્રૂપ ઓફ એજ્યુકેશનલ ઇન્સ્ટીટ્યુટસ
+91 99251 10009


જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિ.સુરત